કોરોના આવશે ? : ટોક ઓફ ધ ટાઉન

શહેરમાં ચાની કિટલીથી લઈ સરકારી ઓફિસોમાં કોરોનાની ચર્ચાઓ ચાલી રહી છે : શહેરમાં ચૂંટણીના માહોલ બાદ કોરોનાનો માહોલ છવાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં અત્યાર સુધી ચૂંટણીનો માહોલ ચાલ્યો હતો અને હવે કોરોના ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ અચાનક કોરોનાએ ફરીથી લોકોને ભયભીત કરી મુક્યા છે. શહેરમાં જ્યાં જ્યાં ચૂંટણીની નાની-મોટી વાતચીતો ચાલી રહી હતી ત્યાં હવે માત્ર ને માત્ર કોરોનાની ચર્ચાઓ ચાલી રહી છે. ચા ની કીટલી હોય કે બગીચાઓના બાંકડા હોય લોકો બસ કોરોનાની ચર્ચાઓ કરતા નજરે પડે છે કે આ કોરોના કેવો હશે, ફરીથી ભયંકર અસર તો નહી કરે ને આ કોરોના વેક્સીન લીધી હોય તો કંઈ નહી થાય ને, ક્યાં કેટલા કેસ આવ્યા છે, હવે તો બહારગામ જવાનું ટાવું પડશે હો, લગ્નોમાં જવાનું ટાળો હવે, કામ વગર ખાલી ખોટુ ક્યાંક ન જવાય હો, બહારનું ખાવાનું પણ બંધ કરવુ પડશે, શું ફરીથી લોકડાઉન તો નહી થઈ જાય ને ? માંડ માંડ ધંધો પાટે ચઢ્યો ને આ કોરોના પાછો આવ્યો, મેડિકલમાંથી બધી દવાઓ લાવી રાખવી પડશે, માસ્ક પણ અત્યારથી લઈ લ્યો પછી ભાવ વધી જશે, બે વર્ષ જેમ હેરાન કર્યા એમ પાછા હેરાન તો નહી થવુ પડે ને ? કોણ જાણે આ કોરોના ક્યાં સુધી જીવ ખાશે...

શિયાળાની મોસમમાં શરદી, તાવ, ખાંસી તો નોર્મલ થાય છે પરંતુ હવે કોરોના ટોક ઓફ ધ ટાઉન બન્યા બાદ આ લક્ષણો આવતા લોકો ભયભીત થઈ રહ્યા છે અને તરત જ ટેસ્ટ કરાવવાનું પસંદ કરે છે. સોશિયલ મીડિયામાં અને ટીવી ન્યુઝમાં કોરોનાની જ વાતો થઈ રહી છે તેથી લોકોમાં ભયનો માહોલ પણ છવાયો છે. ડિસેમ્બરનો અંત આવ્યો છે ત્યારે લોકોએ ઉત્સાહપૂર્વક ૩૧મી ડિસેમ્બર ઉજવવાનો પ્લાન બનાવ્યો હતો પરંતુ કોરોનાના કારણે તેઓના પ્લાન ફ્લોપ જઈ શકે તેમ છે. શાળાઓમાં માસ્ક પહેરવા માટેના ફરમાનો આવી ગયા છે. ઓફિસોમાં પણ લોકો માસ્ક પહેરતા થયા છે. કોરોનાની વેક્સિન લેવા માટે ફરી લોકો સજાગ બન્યા છે. મનોમન લોકો કોરોના સામે લડવા માટે તૈયાર થઈ રહ્યા છે.

કોરોનાના નવા વેરિયન્ટ BF.7નો ફફડાટ

માસ્ક-શરદીની દવાના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૪

કોરોનાના નવા વેરિયન્ટ મ્હ.૭ ના પગપેસારાથી સમગ્ર વિશ્વમાં ફફડાટ વ્યાપી ગયો છે, ત્યારે ગાંધીનગરમાં મ્હ.૭ નો કોઈ કેસ આવે તે પહેલાથી જ લોકો સતર્ક થઈ રહ્યા છે. કોરોના ને લઈ ગાંધીનગરમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે જોકે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ એક્શનમાં આવી ગયું છે અને રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો કોરોનાની વધુ એક લહેર આવે તો તેનો સામનો કરવા સક્ષમ કરી દેવામાં આવી છે .

કોરોનાના કાળા કહેરની બીજી લહેરે લોકોને હચમચાવી મૂક્યા હતા ત્યારે ફરી એક વાર કોરોનાએ માથું ઉચકયું છે. જેથી તમામ લોકોની ચિંતામાં વધારો થયો છે પણ સાથે સાથે કોરોનાને માત આપવા માસ્ક પહેરવું સામાજિક અંતર જાળવવું એ જરૂરી છે. એ બાબતે જાગૃતિ પણ આવી છે શહેરમાં છેલ્લા ૩ દિવસ માં માસ્ક, શરદી - ખાંસીની દવાના વેચાણમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો છે.

હાલ લોકોમાં કોરોનાને લઈને ગંભીરતા દેખાઈ રહી છે. જેમને શરદી ખાંસી જેવા લક્ષણો દેખાય છે તેવા દર્દીઓ તબીબોની સલાહ લઈ રહ્યા છે અને જાતે પણ પેરાસીટેમોલ જેવી અન્ય દવાનો પણ ઉપયોગ કરી રહ્યા છે અને લોકો એટલા જાગૃત થયા છે કે માસ્ક, સામાજિક અંતર જેવા નિયમોનું પાલન કરી રહ્યા છે. જેથી અચાનક છેલ્લા ૩ દિવસ માં માસ્ક અને અમુક દવાની ડિમાન્ડ ૨૦ ટકા જેટલી વધી ગઈ છે. હોલસેલ કે રિટેલ બધે આની ડિમાન્ડમાં વધારો દેખાઈ રહ્યો છે.

મનોરંજક ઈન્ટરેક્ટિવ વર્કશોપ સાથે કરાઈ રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

પ્રખ્યાત ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના જન્મની વર્ષગાંઠ નિમિત્તે દર વર્ષે તા. ૨૨મી ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસ મનાવવામાં આવે છે.

ગુજરાત સાયન્સ સિટીએ ડો. શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે એક મનોરંજક અને ઈન્ટરેક્ટિવ વર્કશોપનું આયોજન કરીને રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરી હતી જેમાં વિદ્યાર્થીઓને ગણિતનો જાદુ શીખવવામાં આવ્યો હતો. ગણિત પરના હેન્ડ-ઓન વર્કશોપ દ્વારા ઉજવણીની શરુઆત કરવામાં આવી ત્યારબાદ આઈઆઈટીઈના સહાયક પ્રાધ્યાપક ડો. પારસ ઉચત અને આઈ આઈ ટી આરએએમના સહાયક પ્રાધ્યાપક ડૉ. ગૌતમ બોરીસાગર દ્વારા ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિવિધ શાળાઓના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા જ્યાં તેઓ બાઈનરી, પાયથાગોરસ પ્રમેય, વગેરે શીખવા માટે મનોરંજક ગાણિતિક રમતો રમ્યા હતા.

ભારતને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં નં. ૧ બનાવાનું લક્ષ : મનસુખ માંડવિયા

ગાંધીનગર સ્થિત "નાઇપર-અમદાવાદ" ખાતે આજે ૯મા દિક્ષાંત સમારોહમાં કેન્દ્રિય મંત્રીએ કહ્યું "ભારતે કોવિડ મેનેજમેન્ટમાં ઇતિહાસ સર્જ્યો છે." : સમારોહમાં ૧૧ને પીએચડી સાથે ૨૪૯ વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી એનાયત કરાઇ

ગાંધીનગર, તા. ૨૪

"આત્મનિર્ભર ભારત" અભિયાનના સહારે ભારતને વિશ્વમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં નં.૧ બનાવાનું લક્ષ છે, દેશમાં પ્રતિભા અને ક્ષમતાની કમી નથી. ટૂંકા ગાળામાં વેક્સિન બનાવીને ભારતે કોવિડ મેનેજમેન્ટમાં ઈતિહાસ સર્જ્યો છે. દેશને હવે ગુલામીની માનસિકતામાંથી બહાર લાવવાનો છે." તેવું આજે લેકાવાડા નજીક ગાંધીનગર સ્થિત "નાઈપર-અમદાવાદ" ખાતે આજે સંસ્થાના ૯મા દિક્ષાંત સમારોહમાં કેન્દ્રિય મંત્રીએ જણાવ્યું હતું કે "જ્યારથી મોદીજી પ્રધાનમંત્રી બન્યાં છે ત્યારથી દેશમાં માત્ર પાંચ વર્ષ નહીં પરંતુ લાંબા ગાળા માટે આયોજન કરવામાં આવી રહ્યું છે." તેમણે પદવીપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભિનંદન આપતા શીખ આપી હતી કે "દેશ માટે જીવજો, જ્યાં પણ જાઓ અને જે પણ કામ કરો તે સમર્પણ સાથે કરજો, નિષ્કામ કર્મ કરવું જરૂરી છે, નિષ્ફળતાથી ડરશો નહીં મહેનત કરતા રહેશો તો તમને પણ ફાયદો થશે દેશને પણ ફાયદો થશે."

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (નાઈપર-અમદાવાદ) ખાતે આજે સંખ્યાના ૯મા દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં અ?ાવ્યું હતું. આ સમારોહ દરમિયાન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ બેચના ૧૧ વિદ્યાર્થીઓને પીએચડી સાથે ૨૪૯ વિદ્યાર્થીઓને ફાર્મસી ક્ષેત્રે માસ્ટર ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય રસાયણ અને ખાતર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો.મનસુખ માંડવિયા, અતિથિ વિશેષ પદે આઇઆઇટી-ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો.રજત મૂના તેમજ અન્ય અતિથિઓમાં ડીઓપીના જોઇન્ટ સેક્રેટરી રજનીશ ટીંગલે અને બોજી સભ્ય પ્રો. રમેશ ચંદ્રાએ હાજરી આપી હતી. સમારોહના મુખ્ય અતિથિ ડો. મનસુખ માંડવિયાએ સમગ્ર ટોપર્સ અને ડિપાર્ટમેન્ટ ટોપર્સને ગોલ્ડ મેડલ એનાયત કર્યા હતા. સુવર્ણ ચંદ્રક વિતરણ બાદ, પ્રો. રજત મૂના, રજનીશ ટીંગલે અને ડો. શશી બાલા સિંહ દ્વારા વિવિધ શૈક્ષણિક વિભાગમાંથી પસંદગી પામેલા વિદ્યાર્થીઓને સંયુક્ત રીતે પુસ્તક ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડો.મનસુખ માંડવિયાએ વિશ્વ કક્ષાની સંશોધન સુવિધા સ્થાપવા માટે સરકારની પહેલ તરીકે વિવિધ વિભાગો વચ્ચે નવીનતા ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા પર વધુ ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું હતું કે કેવી રીતે શિક્ષણ અને વિજ્ઞાન જીવનને બદલવામાં, સુધારેલ આરોગ્ય સંભાળ, કૃષિ, પર્યાવરણ અને ઔદ્યોગિક વિકાસ દ્વારા સમાજને પ્રભાવિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

હરીશ ત્રિવેદી લાયન્સ ઇન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૩ના ફર્સ્ટ વાઇસ ડિસ્ટ્રીક ગવર્નરપદે ચૂંટાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઘણા વર્ષોથી કાર્યરત લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ હરીશ ત્રિવેદી લાયન્સ ક્લબ ઓફ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૩ના ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક ગવર્નર તરીકે ચૂંટાયા છે. પાટનગરમાં એડવોકેટ અને ટેક્સ કન્સલ્ટન્ટનો વ્યવસાય કરતા હરીશ ત્રિવેદી શહેરમાં છેલ્લા ૩૬ વર્ષથી વિવિધ સેવા કાર્યો સાથે જોડાયેલા છે અને છેલ્લા ૨૫ વર્ષથી લાયન્સ ડિસ્ટ્રિક્ટમાં કેબિનેટ ઓફિસર તરીકે સેવાઓ આપી તેમની કદરરૂપે ડીસ્ટ્રીક્ટ મલ્ટીપલ અને ઈન્ટરનેશનલ એવોર્ડથી પણ સન્માનિત થઈ ચૂક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હરીશ ત્રિવેદી વર્ષ ૧૯૮૬ માં લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના સભ્ય બન્યા હતા ત્યારબાદ તેઓ ૧૯૮૭-૮૬માં બોર્ડ મેમ્બર તરીકે પસંદગી પામ્યા અને ૧૯૮૮-૮૯માં તેમણે સેક્રેટરી તરીકે તેમજ ૧૯૯૯૧-૯૨માં પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. ગાંધીનગરમાં છેલ્લા ૨૪ વર્ષથી લાયન્સ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં પણ તેમનો સક્રિય હાથ રહ્યો છે. તેઓ હંમેશા સેવા આધારિત પ્રવૃત્તિઓને વેગ મળે તેવા કાર્ય કરવા સાથે સંસ્થામાં ક્વોલિટી મેમ્બર અને ક્વોલિટી કાર્યક્રમના આયોજનને વેગ આપવાની વિચારધારા ધરાવે છે. તેઓ જે ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ બી૩ના ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક ગવર્નર તરીકે ચૂંટાયા છે તેમાં સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગરના મળીને આશરે ૨૫૦૦થી વધુ સભ્યોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે હરીશ ત્રિવેદીને વકીલમિત્રો, વેપારીઓ, સ્નેહીજનો તેમજ સભ્યો દ્વારા શુભેચ્છાઓ પાઠવી પાઠવવામાં આવી હતી.

છેલ્લા કેટલાય સમયથી ગ-૨ સર્કલ નજીકની ગટર ખુલ્લી છે જોખમી રીતે આ ગટરનું ઢાંકણ ખુલ્લુ હોઈ અકસ્માતનો ભય રહે છે. આ ગટરનું ઢાંકણું સત્વરે નાંખવા વસાહતીઓએ રજુઆત કરી છે.

શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજનું ૨૫મીએ સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ દ્વારા નૂતન વર્ષના અભિનંદન પાઠવવા માટે પંચાલ સમાજની સંસ્થાએ તા. ૨૫-૧૨-૨૦૨૨ને રવિવારે સાંજના ૩ થી ૭ કલાકે સ્નેહમિલન સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. તો શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગરના સર્વ ભાઈ-બહેનો, પ્રતિનિધિ, સલાહકાર, સહકાર્યકરો અને વાર્ષીક આજીવન સભ્યોને સમયસર પધારવા આમંત્રણ પાઠવ્યુ હતુ. સર્વે પોગ્રામના અંતમાં ભોજન વ્યવસ્થા રાખવામાં આવી છે. સર્વે તેનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતું.

શેઠશ્રી જી.સી હાઇસ્કુલ ટ્રસ્ટના ૯૫ વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો

આગામી ૨૫ વર્ષમાં ભારતને દુનિયામાં નંબર વન માટે કોઈ રોકી શકશે નહિ



ગાંધીનગર,તા.૨૪

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવઈ જી.સી. હાઈસ્કુલ ખાતે યોજાયેલ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્નેહ સંમેલન કાર્યક્રમ પ્રસંગે કેન્દ્રિય ગૃહમંત્રી અમીત ભાઈ શાહે જણાવ્યું હતું કે આ શાળામાં મારા પિતા તેમજ મારી પત્નીના પિતાએ અભ્યાસ કર્યો તે સંસ્થામાં આમંત્રણ આપ્યુ તે માટે ટ્રસ્ટ્રી મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે આ સંસ્થા ૯૫ વર્ષથી સતત કાર્યરત રહે તેનો અર્થ એ છે કે આ સંસ્થા માટે વર્ષો પહેલાં સાતત્યપુર્ણ પ્રયાસ અને પરીશ્રમ થયો છે. કેન્દ્રિય ગૃહમંત્રીએ ઉમેર્યું હતું કે આ સંસ્થા બે શિક્ષણ નિતિની સાક્ષી બનશે ,જેમાં અંગ્રેજોએ બનાવેલ શિક્ષણ નિતિથી બાળક અભ્યાસક્રમને ગોખીને પરીક્ષા આપે જેનાથી બાળકમાં વિચારવાની ક્ષમતા,તર્ક શક્તિ,વિશ્લેષણ શક્તિ,નિર્ણય શક્તિ,ન્યાયને સમજવાની શક્તિનો અવકાશ રહેતો નથી, જેના પગલે સમાજમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થતા, જે આપણે જોયા છે. પરંતુ ૨૦૧૪માં દેશના પ્રધાનમંત્રીશ્રીએ શાશન ધુરા સંભાળી ત્યાર બાદ નવી શિક્ષણ નિતિ માટે અનેક પ્રયત્નો શરૂ થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભેપન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું સંસ્થાએ તેના નવ દાયકા સફળતાપુર્ણ પુરા કર્યા તેજ પોતાનામાં ઉજવણી છે. તેમણે ઉમેર્યું હતું કે દેશના પ્રધાન મંત્રીશ્રીના નેતૃત્વમાં શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાના ક્ષેત્રમાં રાજ્યએ છેલ્લા બે દાયકાથી વિકાસની હરણફાળ ભરી છે. તેમણે ઉમેર્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણી થકી અમૃતકાળમાં પ્રવેશી ભારતને વિકસિત બનાવવાના વડાપ્રધાન શ્રીના સંકલ્પ સાથે ગુજરાત અગ્રણી રહેશે.તેમણે ઉમેર્યું હતું કે વિકાસની રાજનીતિ થકી શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, પાણી, વીજળી રોડ રસ્તા જેવી સુદર્ઢ માળખાકીય સુવિધાઓ ઉપલ્બધ બની છે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શિક્ષણક્ષેત્રે ઉજ્જવળ,ઉન્નત અને ઉત્કર્ષ બનાવવા આ સરકાર કટિબધ્ધ બની છે. તેમણે જણાવ્યું હતું કે વિજાપુરની ધરતી શિક્ષણ અને જ્ઞાન સાથે જોડાયેલી રહી છે.વૈષ્ણવ પરીવારના બે વ્યક્તિઓ થકી આ સંસ્થાના મીઠા ફળ ગુજરાતને મળ્યા છે

સેક્ટર-૩ન્યુમાં નાતાલ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

આજે સે.૩ન્યુના ખ્રિસ્તી પરિવાર દ્વારા નાતાલ નિમિત્તે મરિયમ ટેકરી ખાતે પ્રાર્થનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં વોર્ડ-૯ના કોર્પોરેટરો રાજુભાઈ પટેલ, ડો.સંકેત પંચાસરા તેમજ બ્રહ્મ સમાજના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા, ઉપ પ્રમુખ વીરચંદભાઈ પરમાર ઉપરાંત રશ્મિ પંડ્યા, ડો.એચ ડી પરમાર વગેરએ હાજરી આપી હતી. આ પ્રસંગે ખ્રિસ્તી પરિવારના પ્રમુખ પોલભાઈ તેમજ તેમના પરિવારના મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સૌએ પ્રાર્થના કરીને સ્વરૂચી ભોજનનો આનંદ માણ્યો હતો.

સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, સૌરાષ્ટ્રના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જિલ્લાના જળાશયો ભરાતાં ખેડૂતોને પાક માટે પૂરતુ પાણી મળી રહેશે. તેમણે ઉમેર્યું કે,રાજય સરકાર દ્વારા સૌની યોજના દ્વારા નર્મદા નદીમાં આવતાં પૂરના વધારાના પાણીને સૌરાષ્ટ્ર ના વારંવાર પાણીની જરૂરીયાતવાળા જિલ્લાઓના ૧૧૫ જળાશયો ભરીને ૯૭૦ કરતાં વધુ ગામોના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ બનાવવા અને પીવાના પાણીના પ્રશ્નનું નિરાકરણ લાવવાનું આયોજન કર્યું છે.

રાઘવજીભાઈ પટેલ દ્વારા આ વર્ષે સૌરાષ્ટ્રના ખેડૂતોની જરૂરીયાતનું આંકલન કરીને નર્મદા નદીનું પાણી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયોમાં ભરવામાં આવે તે માટેનું આયોજન હાથ ધરાયું છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સમક્ષ પરામર્શ કરીને સૌરાષ્ટ્રના જળાશયો માટે પાણીની જરૂરીયાત સંદર્ભે માંગણી કરી હતી. જેને ધ્યાને લઈ, હકારાત્મક પ્રતિસાદ આપતાં સૌરાષ્ટ્રના ખેડૂતોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રીએ આ મહત્વનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે સૌની યોજના લીંક-૧,૨,૩ અને ૪ મારફત પથરેખામાં આવતાં તળાવ,ચેકડેમ,જળાશય ભરવા માટે મંજુરી આપવામાં આવી છે.

આ નિર્ણયથી ૧,૫૨,૪૦૦ લાખ ઘનફુટ પાણીનો જથ્થો સૌરાષ્ટ્રના જળાશયોમાં ભરવામાં આવશે, જેનાથી અંદાજીત અઢી લાખ એકર વિસ્તારને સિંચાઈનો ફાયદો થશે. રાજય સરકારના ખેડૂત હિત લક્ષી આ નિર્ણયથી આ વિસ્તારના ખેડૂતોને રવિ પાક માટે પૂરતા પ્રમાણમાં પાણીની સુવિધા પ્રાપ્ત થઇ શકશે. તેમણે ઉમેર્યું કે, આ નિર્ણયથી સૌરાષ્ટ્રના ૧૦ જીલ્લા મોરબી,રાજકોટ, જામનગર,સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાના જળાશયોમાં નર્મદાનું પાણી ભરવામાં આવશે. જેનાથી સૌરાષ્ટ્રના આ જીલ્લાના ખેડૂતોની રવિ પાકની સિંચાઈ ક્ષમતામાં ખૂબ જ મોટો વધારો થશે.